# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાનારા નિમણૂંક પત્ર એનાયત કાર્યક્રમમાં અમદાવાદ ખાતેથી કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયા રોજગારી પત્રો એનાયત કરશે.**
2. **રાજ્યમાં વસવાટ કરતાં 438 જેટલા પાકિસ્તાની નાગિરકોને તાત્કાલિક ભારત છોડવા આદેશ કરાયો.**
3. **આવતીકાલે પ્રધાનમંત્રી મન કી બાતની 121મી કડીમાં પોતાના વિચારો રજૂ કરશે.**
4. **પશ્ચિમ ગુજરાત વીજકંપની દ્વારા છેલ્લા એક વર્ષમાં 271 કરોડ રૂપિયાની વીજ ચોરી ઝડપવામા આવી.**
5. **જખૌના દરિયામાંથી ફરી વખત બારસો ગ્રામ ડ્રગ્સ મળી આવ્યું.**
6. **ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએસન દ્વારા ગુજરાત સુપર લીગની બીજી સિઝનની જાહેરાત કરાઇ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# NIMUBEN BAMBHANIA AHMEDABAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધારે નિમણૂક પત્રોનું વિતરણ કરશે. તેઓ આ પ્રસંગે લોકોને સંબોધન પણ કરશે. આ કાર્યક્રમને અનુલક્ષીને આજે અમદાવાદના દિનેશહોલ ખાતે ગ્રાહક બાબતોના કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષ સ્થાને નિમણૂંક પત્રો એનાયતનો કાર્યક્રમ રાખેલો છે જેમાં સુશ્રી બાંભણીયા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગના નવા નિમણૂંકોને નિમણૂક પત્રો આપશે.

ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં દેશ સહિત રાજ્યભરમાંથી પસંદ કરવામાં આવેલી નવી ભરતીઓ કેન્દ્ર સરકાર સાથે વિવિધ વિભાગોમાં જોડાશે, જેમાં મહેસૂલ વિભાગ, કર્મચારી અને જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, ગૃહ મંત્રાલય, પોસ્ટ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ, રેલવે મંત્રાલય, શ્રમ અને રોજગાર મંત્રાલય સહિત અન્ય વિભાગોનો સમાવેશ થાય છે.

---

# PAKISTANI CITVIZENS

રાજ્યમાં રહેતા 438 પાકિસ્તાની નાગરિકોને ગૃહ વિભાગ દ્વારા ભારત છોડીને ચાલ્યા જવાના આદેશ કરાયો છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, અમદાવાદમાં સૌથી વધુ 77, સુરતમાં 44 અને કચ્છમાં 50 અને ગાંધીનગર જિલ્લામાં 29 જેટલા

પાકિસ્તાની નાગરિક હોવાના અહેવાલ છે. રાજ્યમાં શોર્ટ-ટર્મ વિઝા પર રહેલા 7 નાગરિકમાંથી પાંચ અમદાવાદમાં, અને એક-એક ભરૂચ અને સુરતમાં હોવાના અહેવાલ છે. જ્યારે ભરૂચથી 71 વર્ષીય પાકિસ્તાની મહિલાને અટારી બોર્ડરથી રવાના કરી દેવાયાં છે.

---

# TAPI MEETING

તાપી જિલ્લા પ્રભારી મંત્રી મુકેશ પટેલની અધ્યક્ષતામાં ગઇકાલે જિલ્લા કલેકટર કચેરી ખાતે વિવિધ વિકાસ કાર્યોની બેઠક યોજાઇ હતી. પ્રભારી મંત્રી તેમજ રાજ્યકક્ષાના મંત્રી કુંવરજી હળપતિની ઉપસ્થિતિમાં જિલ્લાને એમ્બ્યુલન્સની ભેટ આપવામાં આવી હતી. શ્રી પટેલેઆ અંગે વધુ માહિતી આપી હતી.

## બાઈટ-મુકેશ પટેલ (પ્રભારી મંત્રી, તાપી)

---

# ANAND VIKAS KARYO

આણંદ જિલ્લાને રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા કરોડો રૂપિયાની વિવિધ વિકાસકાર્યોની ભેટ આપવામાં આવી. જેમાં ઉમરેઠમાં 59 કરોડ 75 લાખ રૂપિયાની વિવિધ 36 જેટલી પરિયોજનાઓની ભેટ આપી. શ્રી પટેલે ઉમરેઠ ખાતેથી 16 કરોડ 84 લાખ રૂપિયાના 10 કામોનું ઈ ખાતમુહૂર્ત અને 42 કરોડ 90 લાખ રૂપિયાના 26 કામોનું ઇ લોકાર્પણ કર્યું હતું.આ સાથે જ ઉમરેઠ

તાલુકામથક ખાતે ૫ કરોડ 18 લાખ રૂપિયાના ખર્ચે 30 બેડનું તૈયાર થયેલ સુવિધાયુક્ત સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું.

શ્રી પટેલે આણંદ ખાતે 163 કરોડ 90 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણાધિન સિવિલ હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. સાથે જ કામગીરીનું નિરીક્ષણ કરી સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવા જણાવ્યું હતું.

આણંદ ખાતે શ્રી પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ હતી જેમાં 1099.81 લાખ રૂપિયાના 695 કામોને બહાલી આપવામાં આવી. આ સાથે જ ગત વર્ષોના બાકી કામો તથા નવા આયોજનના કામોને સમયમર્યાદામાં સ્થાનિક પદાધિકારીઓ અને ધારાસભ્યો સાથે સંકલન સાધીને પૂર્ણ કરવા તાકીદ કરી હતી.

આ કાર્યક્રમો દરમિયાન શ્રી પટેલના હસ્તે આણંદ જિલ્લાની વિકાસ ગાથાને વર્ણવતી 'વિકાસ વાટિકા' પુસ્તિકાનું વિમોચન કરાયું હતું.

---

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 121મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને

પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# WEATHER

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ  દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. પરંતુ ત્રણ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

ગુજરાત પ્રદેશના કેટલાક ભાગો અને સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી સાત દિવસ સુધી મહત્તમ તાપમાન 40થી 44 ડિગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના હોવાનું હવામાન વિભાગના વડા એ.કે.દાસે જણાવ્યું હતું.

## બાઇટ- એ.કે. દાસ, વડા હવામાન વિભાગ

---

# PGVCL DRIVE

પશ્ચિમ ગુજરાત વિજકંપની લિમિટેડ દ્વારા એપ્રિલ 2024થી માર્ચ 2025ના નાણાકિય વર્ષ દરમિયાન 271 કરોડ રૂપિયા કરતાં વધુની વિજચોરી ઝડપવામા આવી છે. છેલ્લા એક વર્ષ દરમિયાન સૌરાષ્ટ્ર- કચ્છમાં  વીજ ચેકિંગ દરમિયાન

કુલ ચાર લાખ 74 હજાર 347 વીજ જોડાણોની તપાસ કરવામાં આવી હતી જેમાંથી 63 હજાર 198 વીજ જોડાણમાં ગેરરીતી ઝડપાઇ હતી.વીજ ચોરીમાં ઝડપાયેલા વીજગ્રાહકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામા આવી રહી છે. આ ઉપરાંત પીજીવીસીએલ દ્વારા વીજ તપાસની કામગીરી પણ સતત કરવામાં આવી રહી છે.

---

# JAKHAU DRUGS

કચ્છના દરિયામાંથી ફરી એક વખત ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે.. જખૌ મરીન અને SRDના જવાનોને દરિયાઈ પેટ્રોલિંગ દરમિયાન એક પ્લાસ્ટિકના કોથળામાંથી ગુલાબી રંગના દસ શંકાસ્પદ પેકેટ મળી આવ્યાં હતાં. સૈયદ સુલેમાનપીર ટાપુ પરથી અંગ્રેજીમાં 'ઝમન' લખેલા આ દસ પેકેટનું વજન એક હજાર બસો ગ્રામ જેટલુ  હતું .

પ્રાથમિક તપાસ દરમિયાન  પેકેટ્સ પાકિસ્તાન તરફથી આવ્યા હોવાનું પ્રાથમિક તબકે સામે આવ્યું છે.. પાકિસ્તાની પેડલર્સ સુરક્ષા એજન્સીઓને જોઈને ડ્રગ્સના પેકેટ દરિયામાં ફેંકી દેતા હોય છે. અબડાસા અને માંડવીના સૈયદ સુલેમાનપીર, શેખરણપીર જેવા ટાપુઓ ઢાળવાળા હોવાથી આ પેકેટ કિનારે તણાઈ આવે છે તેવુ તપાસ એજન્સીઓનું પ્રાથણિક તારણ છે.

---

# JAFARABAD CHINESE AIS

અમરેલીના જાફરાબાદ બોટમાથી ચાઇનીઝ કંપનીનુ સ્વંયમ સંચાલિત ઓળખ ઉપકરણ મળી આવ્યું હતું. પોલીસને મળેલી બાતમીના આધારે સામાકાંઠા પુલ પાસેની એક બોટમા તપાસ કરાઇ હતી. તપાસ બાદ આ ઉપકરણ હાથ લાગતાં તેમાંથી વાંધાજનક સંદેશા વ્યવહારની આપલેની પોલીસે આગળની તપાસ શરૂ કરી હતી. પીપાવાવના કોસ્ટગાર્ડ સ્ટેશન દ્વારા અપાયેલા માહિતીના આધારે પોલીસે વિજયદેવ કૃપા નામની બોટમાંથી આ ઉપકરણ કબજે કર્યું હતું.

---

# PASHU CHIKITSA DIVAS

આજે 26 એપ્રિલે 'એનિમલ હેલ્થ ટેક્સ એ ટીમ'ની વિષયવસ્તુ સાથે વિશ્વ પશુ ચિકિત્સા દિવસની ઉજવણી કરાશે. ગત બે દાયકા દરમિયાન રાજ્યના દૂધ ઉત્પાદનમાં એક કરોડ 18 લાખથી વધુ  મેટ્રિક ટનનો અભૂતપૂર્વ વધારા સાથે ગુજરાત દૂધ ઉત્પાદનમાં દેશમાં ચોથા સ્થાને પહોંચ્યું છે.

આ સમયગાળા દરમિયાન રાજ્યના દૂધ ઉત્પાદનમાં સરેરાશ 9.26 ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે. સાથે જ, રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા પણ ૩૩૩ ગ્રામ પ્રતિ દિનથી વધીને અત્યારે ૭૦૦ ગ્રામ પ્રતિ દિન થઈ છે. સાંભળીએ એક અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ મિત્તલ પટેલ)**

*(પશુ આરોગ્ય ક્ષેત્રમાં પશુ ચિકિત્સકોના યોગદાનને બિરદાવવા વર્ષ 2000-થી દર વર્ષે એપ્રિલ મહિનાના છેલ્લા શનિવારને "વિશ્વ પશુ ચિકિત્સા દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ પશુઓના આરોગ્યની જાળવણી માટે પશુપાલકો, પશુનિષ્ણાતો, પોષણવિદો, આરોગ્ય કર્મચારીઓ અને સમુદાયના સહિયારા પ્રયાસના મહત્વને ઉજાગર કરે છે. તેમજ આજનો આ દિવસ તમામ પશુ ચિકિત્સકો અને તેમની ટીમના નિઃસ્વાર્થ સેવાભાવને બિરદાવવાનો અનેરો દિવસ છે.)*

**સમાચાર વિભાગથી મિત્તલ પટેલ, આકાશવાણી સમાચાર**

---

# FOOTBALL LEAGUE

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA) અમદાવાદના કાંકરિયા સ્થિત એકા ફૂટબોલ ગ્રાઉન્ડ, ટ્રાન્સસ્ટેડિયા ખાતે આગામી પહેલી મેથી 13મી મે, 2025 દરમિયાન ગુજરાત સુપર લીગની બીજી સિઝનના આયોજનની જાહેરાત કરવામા આવી છે. GSFAના પ્રમુખ પરિમલ નથવાણીએ GSL સિઝન 2 માં ભાગ લેનારી છ ફ્રેન્ચાઇઝી ટીમના માલિકોનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન, શ્રી નથવાણી દ્વારા સત્તાવાર GSL ટ્રોફી અને ટીમ જર્સીનું પણ અનાવરણ કરાયું હતું.

GSL ટાઇટલ માટે છ ફ્રેન્ચાઇઝી ટીમોમાં અમદાવાદ એવેન્જર્સ, ગાંધીનગર જાયન્ટ્સ ,કર્ણાવતી નાઈટ્સ, સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ ,સુરત સ્ટ્રાઇકર્સ અને વડોદરા વોરિયર્સનો સમાવેશ થાય છે..

---